ક્રમાંક : આઇ.ટી.સેલ/૨૦૧૬-૨૦૧૭/૯૭૫-૧૦૦૮
કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં -૯, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત
તા. ૦૮/૧૧/૨૦૧૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ જિલ્લા.

**વિષય: બિન સરકારી અનુદાનિત શાળાઓને ઇન્ટરનેટ સેવા પુરી પાડવા બાબત.**

**સંદર્ભ: શિક્ષણવિભાગના ઠરાવ ક્રમાંક બમશ -૧૧૯૯-૭૪૧(૩) ગ તા.૦૨/૦૭/૧૯૯૯**

શ્રીમાન,

ઉપરોકત વિષય અને સંદર્ભદર્શીત ઠરાવ અન્વયે જણાવવાનું કે, અત્રેની કચેરી દ્વારા રાજ્યની ૫૯૬૯ સરકારી અને બિનસરકારી અનુદાનિત શાળાઓમાં કેન્દ્ર પુરસ્કૃત યોજના ICT@Schools પ્રોજેક્ટ પાંચ વર્ષ માટે અમલીકરણમાં હતો. પ્રોજેક્ટનાં એક ભાગ તરીકે પ્રોજેક્ટમાં સમાવિષ્ટ શાળાઓને અભ્યાસીક પ્રવૃતિ માટે અમલીકરણ એજન્સીઓ મારફત પાંચ વર્ષનાં સમયગાળા દરમ્યાન ભારત સંચાર નિગમ લિમીટેડ (BSNL) ની ઇન્ટરનેટ સેવા રૂ/. ૭૨૫.૦૦ (ટેક્ષ સિવાય) પ્રતિમાસના ધોરણે ઉપલબ્ધ કરાવવામાં આવેલ યોજનાનો સમયગાળો પૂર્ણ થતા યોજના હેઠળ શાળાઓને મળતી ઇન્ટરનેટ સેવાઓ પણ પૂર્ણ થયેલ છે.યોજનાનો સમયગાળો પૂર્ણ થતા યોજના અંતર્ગત સાધન સામગ્રીના હસ્તાંતરણ બાબતેના અત્રેની કચેરીના પત્ર ક્રમાંક આઇ.ટી .સેલ./૨૦૧૬/ICT/૫૯૦-૯૧ તા ૦૬/૦૫/૨૦૧૬થી સરકારી શાળાઓને BSNLમારફત વાર્ષિક રૂ. ૭૫૦૦.૦૦(ટેક્ષ સિવાય) ઇન્ટરનેટ કનેક્શન મેળવવા કચેરી ખર્ચના બજેટમાંથી ખર્ચ કરવા મંજુરી આપવામાં આવેલ છે. જ્યારે બિનસરકારી અનુદાનિત શાળાઓને આ બાબતે જાતે નિર્ણય લેવા જણાવવામાં આવેલ છે.

બિન સરકારી અનુદાનિત શાળાઓને ઇન્ટરનેટ સેવા માટે શિક્ષણવિભાગના સંદર્ભદર્શીત ઠરાવ ક્રમાંક ના પરિશિષ્ટ -૨ ક્રમ નં ૪૬ " શાળાના સંચાલન માટે સંચાલક મંડળે ઉપર વિગતો સિવાય કરેલ વ્યાજબી ખર્ચાઓ" હેઠળ શાળા નિયમોનુસાર નિર્ણય કરી સદર ખર્ચ કરી શકે છે .આ બાબત બિન સરકારી અનુદાનિત શાળાઓને ધ્યાને લાવવા વિનંતી છે.

આપનો વિશ્વાસું,

ઇ.ચા. સંયુક્ત નિયામક (હિસાબ)
કમિશનર શાળાઓની કચેરી